# સુરત મહાનગરપાલિકા

## સ્થાયી સમિતિ

## સુ ચ ના

સુરત મહાનગરપાલિકાની **સ્થાયી સમિતિની** અઠવાડિક સાધારણ સભા **ગુરૂવાર તા.૧૬–૬–૨૦૨૨ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા **એનેક્ષી બિલ્ડીંગના "સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા **કરવા સારૂ મળશે.**

૦૧. મ્યુ.ક.શ્રીનો તા.૭–૬–૨૦૨૨ નો પત્ર, નોર્થ ઝોન, ટી.પી.સ્કીમ નં.૭૦, ૨૩, ૪૬, ૬૬, કોસાડ આવાસ, ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા નવા સમાવિષ્ટ વિસ્તારના વિવિધ રસ્તાઓ પર ગ્લાસબીડઝ સાથે હોટ થર્મોપ્લાસ્ટીક પેઈન્ટ(Asian, Berger & As per MORTH) કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર શ્રીજી કન્સ્ટ્રકશન કં઼ું.ને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪૦,૩૫,૯૬૦/– થી ૨૧.૨૧% નીચા ભાવે એટલે કે રૂા.૩૧,૭૯,૯૩૨–૮૮ ના ખર્ચે ઉકત કામ સોંપવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૨. મ્યુ.ક.શ્રીનો તા.૭–૬–૨૦૨૨ નો પત્ર, પૂર્વ ઝોન–એ વિસ્તારમાં હયાત મ્યુ.બિલ્ડીંગોમાં વાર્ષિક રેઈટ ધોરણે ગ્રાઉન્ડ એરીયા ડેવલપમેન્ટ કરવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરરશ્રી કુંજનકુમાર એચ. રામાણીનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૩૨,૫૨,૪૯૦–૭૪ થી ૩.૮૧% નીચુ એટલે કે રૂા.૩૧,૨૮,૫૭૦–૮૪ નું ટેન્ડર મંજુર કરવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૩. મ્યુ.ક.શ્રીનો તા.૮–૬–૨૦૨૨ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોનમાં આવેલ નિલગીરી ટ્રાફીક સર્કલ અને સંજયનગર ટ્રાફીક સર્કલ પર પેવર બ્લોક લગાડવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર ક્રિષ્ણા સિમેન્ટ આર્ટીકલને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૯૬,૨૮,૧૯૪–૮૪ થી ૫.૧૨% ઉંચા ભાવે એટલે કે રૂા.૧,૦૧,૨૧,૧૫૮–૪૨ ના ખર્ચે ઉકત કામ સોંપવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૪. મ્યુ.ક.શ્રીનો તા.૩૧–૫–૨૦૨૨ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૨(ડીંડોલી–ભેદવાડ–ભેસ્તાન), ફા.પ્લોટ નં.૧૨૪/બી ખાતે આવેલ હરીહરનગર સોસાયટીના સી.ઓ.પી.ની જગ્યામાં આંગણવાડી બનાવવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી કવોલીફાઈડ થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરરશ્રી વિજયભાઈ બાબુરાવ વાલ્હેનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૩૮,૨૧,૫૭૫–૧૨ થી ૨૨% ઉંચુ એટલે કે રૂા.૪૬,૬૨,૩૨૧–૬૫ નું ટેન્ડર કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૫. મ્યુ.ક.શ્રીનો તા.૧૬–૫–૨૦૨૨ નો પત્ર, શહેરના જુદા જુદા વિસ્તારોમાં પેકેજ–૧ અને પેકેજ–૨ હેઠળ અનુક્રમે (૧) ઉધના દરવાજાથી ઉન જકાતનાકા સુધીનો સુરત–નવસારી રોડ (૨) સહારા દરવાજાથી પૂણા કુંભારીયા જકાતનાકા સુધીનો સુરત–બારડોલી રોડ (૩) એસ.વી.એન.આઈ.ટી.થી ગોવર્ધન હવેલી સુધીનો સુરત–ડુમસ રોડ અને (૪) અડાજણ પાટીયાથી રામનગર સુધીના રાંદેર રોડને સીમેન્ટ કોન્ક્રીટના બનાવવાના કામોએ ઉકત કામના ઈજારદાર "અશોકા બિલ્ડકોન પ્રા.લી." ના વળતર દાવાની રજુઆત સામે ડીપાર્ટમેન્ટ ધ્વારા જે તે સમયે આપેલ લેખિત જવાબો, ડૉ.કીર્તિ દવેના રીપોર્ટ તેમજ ઈજારદાર "અશોકા બિલ્ડકોન પ્રા.લી." ધ્વારા તા.૨૭–૧૦–૨૦૧૫ થી આપવામાં આવેલ consent ને ધ્યાને લઈ દરખાસ્તમાં જણાવેલ મુદ્દા નં.(૧) થી (૩) અંગે નિર્ણય લેવા તથા નિર્ણય થયેથી જો ચુકવણું કરવાનું થાય તો ઈજારદાર "અશોકા બિલ્ડકોન પ્રા.લી." પાસે બાંહેધરી મંગાવી આગળની કાર્યવાહી કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૬. મ્યુ.ક.શ્રીનો તા.૧૬–૫–૨૦૨૨ નો પત્ર, પશ્ચિમ ઝોન, ટી.પી.સ્કીમ નં.૪૪(જહાંગીરાબાદ), ફા.પ્લોટ નં.૭૨ ખાતે પાર્ટી પ્લોટ બનાવવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર મેસર્સ આર.ઓ.અગ્રવાલનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૭૨,૬૦,૭૩૯–૧૬ થી ૧૧.૫૯% ઉંચુ એટલે કે રૂા.૧,૯૨,૬૧,૨૫૮–૮૩ નું ટેન્ડર કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૭. મ્યુ.ક.શ્રીનો તા.૨૧–૫–૨૦૨૨ નો પત્ર, નામ. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના હુકમ અન્વયે મહા. તથા સુડા વિસ્તારમાંથી જુદા જુદા આઉટલેટ/ખાડી મારફતે તાપી નદીમાં પ્રવેશતા મલિન જળ માટે in-situ Bioremediation કરવાના કામે આવેલ કુલ–૨ એજન્સીઓ પૈકી નીચા ભાવ ભરનાર એજન્સી JM Infra and Enviro Technologies Private Ltd (Former J. M. Enviro technologies) નું સુએઝ વોટરનું બાયોરેમેડીએશન કરવાની કામગીરી માટે રૂા.૬૪૮/– પ્રતિ એમએલડીના ભાવો મુજબ ૩૬ (છત્રીસ) માસની સમયમર્યાદા અનુસાર ટેન્ડર રકમ રૂા.૯,૨૪,૬૨,૭૬૩–૬૦ નું EOI-RFP-Financial Bid કબુલ રાખવા તથા એજન્સી સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૮. મ્યુ.ક.શ્રીનો તા.૨૫–૫–૨૦૨૨ નો પત્ર, મા.સા.સ.ઠ.નં.૩૮૪/૨૦૧૯ થી ટાઉન પ્લાનીંગ વિભાગ હસ્તક ચાલતા GIS Cell માટે કરારીય ધોરણે ઉપસ્થિત કરવામાં આવેલ GIS Analyst ની–૧ અને GIS Technician ની–૧ મળી કુલ–૨ જગ્યાઓની મુદત તા.૧૩–૫–૨૦૨૨ ના રોજ પૂર્ણ થનાર હોય, સદર કરારીય જગ્યાઓ પર ફરજ બજાવતા ઉમેદવારોને દિન–૧૧ નો બ્રેક આપી સદર કરારીય જગ્યાઓની મુદત તા.૨૫–૫–૨૦૨૨ થી વધુ ૧૧ માસ લંબાવવા બાબત.

૦૯. મ્યુ.ક.શ્રીનો તા.૩૦–૫–૨૦૨૨ નો પત્ર, વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા મેલેરીયા, ડેન્ગ્યું, ફાઈલેરીયા જેવા મચ્છરજન્ય રોગોને અંકુશમાં રાખવા માટે ધુમ્રશેરની કામગીરી કરવા કોલ્ડ ફોગ હેન્ડીસેટ ફોગીંગ મશીન નંગ–૫૦ ખરીદવા તેમજ સર્વિસીંગ/રીપેરીંગના ભાવો મંજુર કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરર Royal Tradelink (P) Ltd., New Delhi પાસેથી પ્રતિ મશીન રૂા.૭૭,૯૯૯/– લેખે ૫૦ નંગ મશીન કુલ રૂા.૩૮,૯૯,૯૫૦/– (તમામ ટેક્ષ સહિત) ના ખર્ચે ખરીદવા તેમજ બે વર્ષનો વોરંટી પીરીયડ પૂર્ણ થયા બાદ વધુ ત્રણ વર્ષ સુધી તમામ મશીનોને કાર્યરત રાખી શકાય તે માટે સદર ઈજારદાર પાસેથી CMC ના ભાવ (વાર્ષિક બે સર્વિસ તેમજ સ્પેરપાર્ટસ સહિત) પ્રતિ મશીનના રૂા.૧૫,૦૦૦/– પ્રતિ વર્ષ લેખે ૫૦ નંગ મશીનના રૂા.૭,૫૦,૦૦૦/– લેખે કુલ ત્રણ વર્ષના રૂા.૨૨,૫૦,૦૦૦/– ના ખર્ચે સર્વિસીંગ રીપેરીંગ કરાવવા માટેના ભાવ મહા.ના આર્થિક હિતમાં જણાતા હોય મંજુર કરવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૦. મ્યુ.ક.શ્રીનો તા.૩૧–૫–૨૦૨૨ નો પત્ર, પશ્ચિમ ઝોન, ટી.પી.૧૬ (પાલ) માં સ્પોર્ટન કલબની બાજુમાં (નિશાલ આર્કેડની ગલીમાં), ફા.પ્લોટ નં.૧૧૦ અને ૧૧૧ ખાતે પાર્ટી પ્લોટ બનાવવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરરશ્રી કલ્પના બિલ્ડર્સનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૭૮,૪૮,૪૬૭–૩૪ થી ૧૧.૫૯% ઉંચુ એટલે કે રૂા.૧,૯૯,૧૭,૧૦૪–૭૦ નું ટેન્ડર વ્યાજબી જણાતુ હોય કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૧. મ્યુ.ક.શ્રીનો તા.૧–૬–૨૦૨૨ નો પત્ર, પૂર્વ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ૨૪.૦૦ મી. અને તેથી વધુ પહોળાઈના રસ્તાઓને ઈજારદારના પોતાના ડ્રમમીક્ષ ટાઈપ હોટમીક્ષ પ્લાન્ટ તથા પેવર ફીનીશર વડે કારપેટ/રીકારપેટ કરી, રોડ તથા ટ્રાફિકને સંલગ્ન આઈટમો જેવી કે ડીવાઈડર, ફુટપાથ, વોટર ટેબલ સેટ/રીસેટ કરી, લેન માર્કીંગ, રોડ સ્ટડસ(કેટ આઈ રીફલેકટર) તથા રોડ સાઈનેજ પુરા પાડી ફીટીંગ કરવાના કામ બાબતે નામ.ગુજરાત હાઈકોર્ટમાં આર./સ્પે.સીવીલ એપ્લીકેશન નં.૧૦૪૧૨/૨૦૧૮ દાખલ કરવામાં આવેલ એપ્લીકેશન અન્વયે નામદાર હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ ચુકાદા નં.૦/૧૩૯૨૪/૨૦૨૧ હુકમ તા.૯–૯–૨૦૨૧ આ અનુપાલન અર્થે ઈજારદાર રોયલ ઈન્ફ્રા. એન્જી. પ્રા.લી. સુરતને સ્થા.સ.ઠ.નં.૭૧૪/૨૦૧૮ થી કરવામાં આવેલ ઠરાવ પૈકી સદર ઈજારદારશ્રીને કાળીયાદીમાંથી મુકત કરવા તથા સદર ઠરાવ મુજબ તેઓના રદ થયેલ કોન્ટ્રાકટ અન્વયે SD (સિકયોરીટી ડીપોઝીટ) જપ્ત કરી અથવા જપ્ત ન થાય તેવા સંજોગોમાં તેઓના બાકી રહેલ બીલમાંથી વસુલાત કરવા તથા અન્ય જરૂરી તમામ વસુલાત કરીને સદર કામનો હિસાબ સરભર કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૨. મ્યુ.ક.શ્રીનો તા.૭–૫–૨૦૨૨ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, સંજયનગર આસપાસ નગર–૧ શાળા નં.૧૦૬, ૧૬૨, ૨૪૨, ૨૪૪ ની જુની શાળાની જગ્યાએ નવી શાળા બનાવવાના કામે આવેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરરશ્રી એન. પી. મુંગરાનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૩,૪૮,૩૫,૯૦૦–૭૦ થી ૧૬.૧૧% ઉંચુ એટલે કે રૂા.૪,૦૪,૪૭,૯૬૪–૩૦ નું ટેન્ડર કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબતનું કામ આ સમિતિના ઠ.નં.૭૦૫/૨૦૨૨ થી મુલતવી રાખ્યા બાદ ફરી રજુ.

૧૩. મ્યુ.ક.શ્રીનો તા.૨૬–૫–૨૦૨૨ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન માટે સુરત સીટીની હદમાં વિવિધ રોડ મટીરીલ્યસ સપ્લાય કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી દરખાસ્તના પત્રક–૧ મુજબ આઈટમ વાઈઝ સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર મે.અરજણભાઈ જાદવભાઈ પટેલને પત્રક–૨ મુજબ ટેન્ડર આઈટમ નં.૨ એમ.સી.મેટલ, ૬ સ્ટોન ડસ્ટ અને ૭ કવોરી સ્પોઈલ સપ્લાય માટે રૂા.૪૦,૯૦,૨૫૦/– ના ખર્ચે ઉકત કામ સોંપવા તેમજ તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબતનું કામ આ સમિતિના ઠ.નં.૮૦૨/૨૦૨૨ થી મુલતવી રાખ્યા બાદ ફરી રજુ.

૧૪. મ્યુ.ક.શ્રીનો તા.૭–૬–૨૦૨૨ નો પત્ર, નોર્થ ઝોન વિસ્તારમાં આવેલ ઔદ્યોગીક વસાહત નવી અને જુની કતારગામ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આંતરમાળખાકીય સુવિધાઓ પુરી પાડવા/પુનઃસ્થાપન અંગેના કામે નાણાકીય સહાય મેળવવા માટે મહા. ધ્વારા ગુજરાત સરકારશ્રીના માન.સંયુકત ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર સમક્ષ રજુ કરવામાં આવેલ સદર કામગીરીનો DPR તથા અન્ય જરૂરી વિગતે માન.સંયુકત ઉદ્યોગ કમિશનરશ્રી(ઈન્ફ્રા) ના તા.૧૭–૨–૨૦૨૨ ના મંજુરી પત્રમાં દર્શાવેલ તમામ વિગતો–શરતોથી વિદિત થવા તથા મંજુરી પત્રના અનુસંધાને દરખાસ્તના મુદ્દા નં.(૧) થી (૩) અંગે યોગ્ય નિર્ણય લેવા તથા આનુસાંગિક તમામ કાર્યવાહીઓ/કામગીરીઓ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૫. મ્યુ.ક.શ્રીનો તા.૩૧–૫–૨૦૨૨ નો પત્ર, સાઉથ ઝોન–એ, સબઝોન–૧ અને અન્ય વિસ્તારમાં જુદી જુદી હયાત ડ્રેનેજ/સ્ટોર્મ ડ્રેનેજ લાઈન, બોક્ષ લાઈન, મશીનહોલ, ફલડ ગેટને જરૂરી સેફટીના સાધનો સહિત ડીસીલ્ટીંગ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરરશ્રી રણજીત સીંગ, સુરતનું પ્રતિ શીફ્ટ રૂા.૧૦,૭૭૨/– થી ૦.૩૭% ઉંચુ એટલે કે અંદાજીત કુલ ૩૦૧ શીફ્ટ માટે કુલ રૂા.૩૨,૫૪,૫૧૨/– નું ટેન્ડર કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૬. મ્યુ.ક.શ્રીનો તા.૩૧–૫–૨૦૨૨ નો પત્ર, સાઉથ ઝોન–એ માં ઉધના ત્રણ રસ્તાથી ડીંડોલી ઓવર બ્રીજ સુધી અને સુરત નવસારી રોડ પર અરીહંત કોમ્પ્લેક્ષથી દક્ષેશ્વર મંદીર સુધી હયાત ૯૦૦ મી.મી. થી ૨૨૦૦ મી.મી. વ્યાસની વરસાદી પાઈપ લાઈનને જરૂરી સેફટીના સાધનો સહિત ડીસીલ્ટીંગ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરરશ્રી રણજીત સીંગ, સુરતનું પ્રતિ શીફ્ટ રૂા.૧૦,૭૭૨/– થી ૦.૩૭% ઉંચુ એટલે કે અંદાજીત કુલ ૩૦૦ શીફ્ટ માટે કુલ રૂા.૩૨,૪૩,૬૦૦/– નું ટેન્ડર કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૭. મ્યુ.ક.શ્રીનો તા.૩૧–૫–૨૦૨૨ નો પત્ર, સાઉથ ઝોન–એ, સબઝોન–૨, ૩, ૪ અને અન્ય વિસ્તારમાં જુદી જુદી હયાત ડ્રેનેજ/સ્ટોર્મ ડ્રેનેજ લાઈન, બોક્ષ લાઈન, મશીનહોલ, ફલડ ગેટને જરૂરી સેફટીના સાધનો સહિત ડીસીલ્ટીંગ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરરશ્રી રણજીત સીંગ, સુરતનું પ્રતિ શીફ્ટ રૂા.૧૦,૭૭૨/– થી ૦.૩૭% ઉંચુ એટલે કે અંદાજીત કુલ ૩૭૧ શીફ્ટ માટે કુલ રૂા.૪૦,૧૧,૨૫૨/– નું ટેન્ડર કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૮. મ્યુ.ક.શ્રીનો તા.૧–૬–૨૦૨૨ નો પત્ર, સાઉથ વેસ્ટ ઝોન, ટી.પી.સ્કીમ નં.૬(મજુરા–ખટોદરા) સોસીયો સર્કલ ફલાય ઓવર બ્રીજની નીચે આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકના સંચાલન તથા નિભાવના કામના ઈજારદારશ્રી અનમોલ વેલ્ફેર એસોસીએસનના સદર કામે બાકી નીકળતા નાણાં ભરપાઈ કરાવવા તથા જયાં સુધી નાણાં જમા ન કરાવે ત્યાં સુધી મહા.ના કોઈ કામો ન સોંપવા અંગે જરૂરી નિર્ણય લેવા બાબતના કામે આ સમિતિના ઠ.નં.૮૫૬/૨૦૨૨ અનુસાર ઈજારદારશ્રી અનમોલ વેલ્ફેર એસોસીએસનને સમિતિ રૂબરૂ બોલાવી સાંભળી નિર્ણય લેવા બાબત.

૧૯. મ્યુ.ક.શ્રીનો તા.૩૧–૫–૨૦૨૨ નો પત્ર, સાઉથ ઝોન–એ, ટી.પી.સ્કીમ નં.૨ માં આવેલ સોનલ ઈન્ડસ્ટ્રીયલ પાસેથી પસાર થતા ૧૮ મીટરના ટી.પી. રસ્તા(SIR) પર તેમજ મોજે–ભેસ્તાન વિસ્તારમાં આવેલ ભગવતી ઈન્ડ. એસ્ટેટ(૧૨.૦ મી. થી ૧૮.૦ મી.) ના આંતરીક રસ્તા પર સ્ટ્રીટ લાઈટ સીસ્ટમ સ્થાપિત કરી કાર્યરત કરવાના કામ અંગે ઈજારદાર કિરણ ઈલેકટ્રીકલ્સ, વડોદરાને બ્લેક લીસ્ટ કરવા બાબતના કામે દરખાસ્તના મુદ્દા નં.(૧) થી (૪) અંગે જરૂરી મંજુરી આપવા બાબતના કામે આ સમિતિના ઠ.નં.૮૫૭/૨૦૨૨ અનુસાર ઈજારદાર કિરણ ઈલેકટ્રીકલ્સ, વડોદરાને સમિતિ રૂબરૂ બોલાવી સાંભળી નિર્ણય લેવા બાબત.

૨૦. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૬–૨૦૨૨ નો પત્ર, National Institute of Urban Affarirs ખાતે CITIIS PMU પાર્ટનર્સ સાથે મળી પર્યાવરણ અને સામાજીક સુરક્ષા, પ્રોજેકટ વિકાસ અને વ્યવસ્થાપન સહિતના ક્ષેત્રો પર વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હોય તા.૪ થી ૮ જુલાઈ, ૨૦૨૨ દરમ્યાન France, Paris ખાતે યોજાનાર "CITIIS program; designed by Sciences Po Urban School" વર્કશોપમાં ભાગ લેવા સુરત સ્માર્ટ સીટી ડેવેલપમેન્ટ લી. ના SPV ના પ્રોજેકટ મેનેજમેન્ટ કમિટિના ચેરમેન તથા ડે.મ્યુ.ક.શ્રી અને ચીફ એકઝીકયુટીવ ઓફિસર, સુરત સ્માર્ટ સીટી ડેવેલપમેન્ટ લી. ને વિદેશ પ્રવાસ જવા મંજુરી આપવા તેમજ તે અંગે રાજય સરકારશ્રીની મંજુરી મેળવવાની જરૂરી કાર્યવાહી કરવા માટે મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા સા.સભાની મંજુરીની અપેક્ષાએ મંજુરી આપવા બાબત.

૨૧. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૬–૨૦૨૨ નો પત્ર, મહા. હસ્તકના વિવિધ ઝોન/ખાતામાં એન્જીનીયરીંગ તથા આરોગ્ય વિભાગમાં વપરાશી JCB મેઈકના લોડર, એસ્કેવેટર લોડર, ટ્રેક એસ્કેવેટર, મીની વાઈબ્રેટરી રોલર, રોબોટ વિ. જેવા કુલ ૧૨૭ મશીનરીઓનું બે વર્ષ માટે રેઈટ કોન્ટ્રાકટ ધોરણે રીપેરીંગ, મેઈન્ટેનન્સના કામે(સ્પેર, પાર્ટસ વગર) આવેલ એકમાત્ર JCB મેઈકના ઓથોરાઈઝડ ડીલર Yantraman Automac Pvt. Ltd. પાસેથી લોડર માસિક પ્રતિ મશીન રૂા.૨,૨૦૭–૯૪, એસ્કેવેટર માસિક પ્રતિ મશીન રૂા.૨,૮૨૭–૩૦, હેવી લોડર માસિક પ્રતિ મશીન રૂા.૨,૮૨૭–૩૦, ટ્રેક એસ્કેવેટર માસિક પ્રતિ મશીન રૂા.૨,૮૨૭–૩૦, મીની રોડ રોલર માસિક પ્રતિ મશીન રૂા.૨,૦૦૬–૦૬, રોબોટ માસિક પ્રતિ મશીન રૂા.૨,૦૦૬–૦૬ ના ભાવોથી કુલ રૂા.૭૮,૪૩,૦૯૬–૮૦ (સ્પેર, પાર્ટસ વગર) ની મર્યાદામાં બે વર્ષ માટે તમામ ટેક્ષ–વેરા સહિતનું ટેન્ડર ફાયદાકારક જણાતુ હોય કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

આ દે શ થી,

સે ક્રે ટ રી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૧૩–૬–૨૦૨૨.

ANAHITA